પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૨૪ | ૫ ફેબ્રુઆરી, ૨૦૧૯, મંગળવાર; મહા સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પશ્ચિમ બંગાળમાં બંધારણીય કટોકટી

## રાજ્યપાલે કેન્દ્રને મોકલ્યો ગુપ્ત રિપોર્ટ

## પશ્ચિમ બંગાળમાં રાષ્ટ્રપતિ શાસનના ભણકારા

### 'સીએમ પોતાને અને રાજદારને બચાવી રહ્યાં છે' : ભાજપાએ મુક્યો આરોપ : ભાજપ ચોર પાર્ટી-અમારી નહીં: મમતા

કોલકાતા,તા.૪

લોકસભાની ચૂંટણી પહેલા જ દેશમાં રાજકીય ઘટનાક્રમ ઝડપથી બદલાઈ રહ્યો છે. હવે ફરી એકવાર આ ઘટનાક્રમમાં સીબીઆઈ વિવાદના કેન્દ્રમાં છે. રવિવારે સાંજે કોલકાતા પોલીસ કમિશ્નર રાજીવ કુમારના ઘરે દરોડા મારવા પહોંચેલી સીબીઆઈની ટીમના અધિકારીઓને જ કોલકાતા પોલીસે ઘેરી લીધા અને ધરપકડ કરી. સીબીઆઈના વિરોધમાં મમતા ધરણા પર બેસી ગયા.

તો બીજી બાજુ પશ્ચિમ બંગાળમાં સીબીઆઈ અને મમતા સરકાર વચ્ચે વકરી રહેલા વિવાદને લઈને રાજ્યના ગવર્નર કેસરીનાથ ત્રિપાઠીએ એક ગુપ્ત રિપોર્ટ ગૃહમંત્રાલયને મોકલી આપ્યો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ગૃહમંત્રાલય સીબીઆઈના કામમાં અડચણ ઉભી કરવાના આરોપમાં ઘટનાસ્થળે હાજર આઈપીએસ અધિકારીઓ વિરૂદ્ધ આકરી કાર્યવાહી કરી શકે છે.

મમતાએ ઘટનાસ્થળેથી જ ફરી એકવાર મોદી સરકાર પર પ્રહારો કર્યા છે. મમતાએ કહ્યું છે કે, તેમના આ ધરણા ૮ જાન્યુઆરી સુધી યથાવત રહેશે. ત્યાર બાદ પણ ધરણા યથાવત રહેશે, પણ માઈકનો ઉપયોગ નહીં કરવામાં આવે. કારણ કે ૮ ફેબ્રુઆરીથી રાજ્યમાં બોર્ડની પરીક્ષા શરૂ થઈ રહી છે. મમતા બેનરજીએ જણાવ્યું હતું કે, લોકતંત્ર ખતમ થઈ ગયું છે, જો તમે ભાજપનો વિરોધ કરીએ તો તેઓ એજંસીઓનો ઉપયોગ કરે છે. તેમણે કહ્યું હતું કે, અમે ઝુકીશું નહીં, સરકારી વહીવટ અહીંથી જ યથાવત રહેશે.

મમતા બેનરજીએ ધરણાસ્થળે જ કેબિનેટની બેઠક યોજી હતી. તેઓ અહીં બેઠા બેઠા જ તમામ ફાઈલો પર સહી કરી રહ્યાં હતા. મમતા બેનરજી સાથે તેમની આખી કેબિનેટ પણ ધરણાસ્થળે જ હતી.

ભાજપના નેતા પ્રકાશ જાવડેકરે કહ્યું કે, "અમે પૂછવા માંગીએ છીએ કે મમતા ધરણા પર કેમ બેઠી છે? પોલીસ કમિશનરને બચાવવા માગે છે કે પોતાને બચાવવાના પ્રયાસ કરી રહી છે? તે છુપાવવા શું માગે છે? ચિટફંડ મામલે તૃણમૂલના સાંસદ અને મંત્રીની ધરપકડ થઈ, ત્યારે મમતાએ ધરણા ન કર્યા. પોલીસ કમિશનરની પાસે એવું શું છે જેને બચાવવા માટે મમત રોડ પર બેસી

● અનુસંધાન પાન-૭ પર

## શારદા ચીટ ફંડના મામલામાં લોકસભામાં જોરદાર ધમાલ

### રાજીવ તપાસમાં સહકાર કરવાના બદલામાં બહાનાબાજી કરી રહ્યા હતા જેથી જ સીબીઆઈની ટુકડી પહોંચી હતી : રાજનાથસિંઘ

નવી દિલ્હી, તા. ૪

શારદા અને રોઝવેલી કૌભાંડના મામલામાં તપાસને લઈને સીબીઆઈ અને પશ્ચિમ બંગાળ સરકાર આમને સામને આવી ચુકી છે. આજે આ મામલો લોકસભામાં પણ ગુંજ્યો હતો. કોલકાતા પોલીસ કમિશનર અને સીબીઆઈની ટીમ વચ્ચે ખેંચતાણનો મામલો હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં પહોંચી ગયો છે. આજે આ મામલો લોકસભામાં પણ છવાયેલો રહ્યો હતો. એકબાજુ સીબીઆઈની કાર્યવાહીનો વિરોધ કરીને વિપક્ષે જોરદાર હોબાળો મચાવ્યો હતો. બીજી બાજુ કેન્દ્ર સરકાર તરફથી ગૃહમંત્રી રાજનાથસિંહે સ્પષ્ટતા કરી હતી. રાજનાથસિંહે કહ્યું હતું કે, સીબીઆઈના અધિકારીઓની સામે પ્રથમ વખત આ પ્રકારનું ખરાબ વર્તન કરવામાં આવ્યું છે. સીબીઆઈના અધિકારીઓ સાથે ઝપાઝપી કરવામાં આવી હતી. તેમને બળજબરીપૂર્વક અટકાયતમાં લઈ લેવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર



## મમતા-સીબીઆઈ વિવાદ મુદ્દે આજે સુપ્રીમમાં સુનાવણી

### કોલકાતા પોલીસ કમિશનર રાજીવ કુમાર તપાસમાં સહકાર નહીં કરી રહ્યા હોવાની સીબીઆઈની રજૂઆત સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટ બંનેમાં સુનાવણી

કોલકાતા, તા. ૪

સમગ્ર દેશને હચમચાવી મુકનાર શારદા ચીટ ફંડ મામલાને લઈને સીબીઆઈની ટીમ કોલકાતા પોલીસ કમિશનર રાજીવકુમારના આવાસે પુછપરછ કરવા પહોંચી ત્યારથી જ શરૂ થયેલા વિવાદના મામલે રાજકીય ઘમસાણ જારી છે. એકબાજુ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી કેન્દ્ર સરકારની સામે ધરણા ઉપર ઉતરી ગયા છે. આજે બીજા દિવસે મમતા બેનર્જીના ધરણા જારી રહ્યા હતા. બીજી બાજુ કેન્દ્ર સરકાર પણ આક્રમક વલણ અપનાવી રહી છે. એકબાજુ શારદા ચીટ ફંડ મામલામાં સીબીઆઈની અરજી ઉપર સુપ્રીમ કોર્ટમાં આવતીકાલે સુનાવણી હાથ ધરવામાં આવશે. સીબીઆઈની અરજી બાદ સુપ્રીમ કોર્ટ સાફ શબ્દોમાં કહી ચુકી છે કે, જો કોલકાતાના પોલીસ કમિશનર પુરાવાને નષ્ટ કરવાના મામલામાં તપાસ ટીમ પુરાવા આપી શકશે તો કોલકાતા પોલીસ કમિશનર સામે

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ૭મીમી એ કોંગ્રેસની મહત્વની બેઠક

લોકસભા ચૂંટણીની તૈયારીઓના ભાગરૂપે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ૭મી ફેબ્રુઆરીના રોજ એક મહત્વની બેઠક બોલાવી છે. પાર્ટીના જનરલ સેક્રેટરીઓ અને રાજ્યોના પ્રભારીઓ આ બેઠકમાં ઉપસ્થિત રહેશે.

### કોલકતામાં ભાજપના કાર્યાલયમાં તોડફોડ

પશ્ચિમ બંગાળમાં સીબીઆઈ વિરૂદ્ધ સીએમ મમતા બેનર્જીના વિવાદ વચ્ચે ટીએમસીના કાર્યકરોએ ભાજપ કાર્યાલયમાં ભારે તોડફોડ કરી છે. બંગાળ ભાજપે ટ્વીટર હેન્ડલ પર તેની તસ્વીરો અપલોડ કરી છે.

### સુનંદા પુષ્કર કેસ નીચલી કોર્ટને સોંપાયો

દિલ્હીની એક કોર્ટે કોંગ્રેસ નેતા શશી થરૂર વિરૂદ્ધ સુનંદા પુષ્કર મોતનો મામલો આગળની કાર્યવાહી માટે નીચલી કોર્ટને મોકલી આપ્યો છે.

### સહારનપુરમાંથી પાંચ સંદિગ્ધ બાંગ્લાદેશીઓની ધરપકડ

ઉત્તરપ્રદેશની સહારનપુર પોલીસે પાંચ સંદિગ્ધ બાંગ્લાદેશી યુવકોની ધરપકડ કરી છે. હાલમાં આ પાંચેય યુવકોની પુછપરછ થઈ રહી છે. આ તમામ યુવકો સહારનપુર જિલ્લામાં ગેરકાયદેસર રીતે રહેતા હતા.

### બાબા રામદેવના પુતળાનુ દહન

બ્રાહ્મણ સમાજ પર કરવામાં આવેલી ટીપ્પણીથી નારાજ બ્રાહ્મણ સમાજે હરિયાળાના કુરૂક્ષેત્ર વિસ્તારમાં બાબા રામદેવ વિરૂદ્ધ જોરદાર વિરોધ પ્રદર્શન કર્યુ હતુ. આ વિરોધ પ્રદર્શન દરમ્યાન બાબા રામદેવના પુતળાનુ દહન કરવામાં આવ્યુ હતુ. જ્યારે પતંજલીના ઉત્પાદનોની હોળી કરવામાં આવી હતી.

## મૌની અમાવસ્યાના શાહી સ્નાનમાં લાખો શ્રદ્ધાળુઓની પવિત્ર ડુબકી

### શાહી સ્નાન દરમિયાન હેલિકોપ્ટરથી પુષ્પ વર્ષા કરવામાં આવી : સંગમ કિનારે ૪૦ જુદા જુદા ઘાટ પર ત્રણ કરોડ શ્રદ્ધાળુઓની પવિત્ર ડુબકી : નાગા સાધુ સંતો અલગ અંદાજમાં : પ્રધાનો પણ પવિત્ર સ્નાન માટે પહોંચ્યા



પ્રયાગરાજ, તા. ૪

પ્રયાગરાજમાં ચાલી રહેલા કુંભ મેળામાં આજે વહેલી સવારથી જ મોની અમાસ અથવા તો બીજા શાહી સ્નાન વેળા લાખો શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. વહેલી પરોઢથી જ શાહી સ્નાનની શરૂઆત થઈ ગઈ હતી. કુંભ મેળાના બીજા શાહી સ્નાનને લઈને જુદા જુદા અખાડાના સંતો પણ પવિત્ર ડુબકી લગાવવા માટે પહોંચ્યા હતા. નાગા સાધુઓ શાહી સ્નાન દરમિયાન ખાસ અંદાજમાં દેખાયા હતા. સંગમ કિનારે બનેલા જુદા જુદા ૪૦ ઘાટ ઉપર શાહી સ્નાનની પ્રક્રિયા ચાલી હતી. હજુ સુધી ત્રણ કરોડથી વધુ શ્રદ્ધાળુઓ પવિત્ર સ્નાન કરી

● અનુસંધાન પાન-૭ પર

## તામિલનાડુમાં ભાજપ અન્નાદ્રમુક સાથે મળી લોકસભાની ચૂંટણી લડશે

ચેન્નાઈ,તા. ૪

તમિળનાડુમાં શાસક પક્ષ અન્નાદ્રમુક અને ભાજપ વચ્ચે લોકસભા ચૂંટણીને લઈને ગઠબંધન નક્કી છે. બંને પાર્ટીના સુત્રો દ્વારા જેની આજે બેઠક થઈ હતી.

સુત્રોના કહેવા મુજબ એક સપ્તાહના ગાળામાં જ ભાજપ અને અન્નાદ્રમુક વચ્ચે ગઠબંધનની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. ૧૯મી ફેબ્રુઆરી બાદ સત્તાવાર જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે.

### ટુંક સમયમાં ગઠબંધન અંગે સત્તાવાર જાહેરાત

કહેવામાં આવ્યુ છે કે ગઠબંધનને લઈને ટુંક સમયમાં જ સત્તાવાર જાહેરાત કરવામાં આવનાર છે. રાજ્યમાં લકસભાની ૩૯ સીટો રહેલી છે. વર્ષ ૨૦૧૪માં ચૂંટણી દરમિયાન ભાજપને અહીં માત્ર કન્યાકુમારી સીટ પર જીત મળી હતી. પાર્ટીએ ગઠબંધન સીટોની વહેંચણી, પ્રચાર અભિયાન અને ચૂંટણી ઢંઢેરા પર ચર્ચા કરવા માટે ઉચ્ચ સ્તરીય સમિતી બનાવી છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

સત્યમેવ જયતે
Government of Gujarat
150 YEARS OF CELEBRATING THE MAHATMA
STATUE OF UNITY
एक भारत, श्रेष्ठ भारत.

શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત

શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

ગરવી ગુર્જરી
આંતરરાષ્ટ્રીય બાયર સેલર મીટ-૨૦૧૯
૪-૫-૬-૭ ફેબ્રુઆરી, ૨૦૧૯ | મહાત્મા મંદિર, ગાંધીનગર

મુખ્ય ધ્યેય
- ગુજરાતના હાથસાળ અને હસ્તકલાને પ્રોત્સાહન આપવા
- કારીગરો અને ખરીદદારો વચ્ચે સીધો સંપર્ક સેતુ સ્થાપવા
- પ્રોડક્ટ્સ અંગે ખરીદદારો અને વેચાણકારોમાં જાગૃતિ કેળવવી

મુખ્ય આકર્ષણો
હાથસાળ અને હસ્તકલા ક્ષેત્રના
- ૧૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય બાયર્સ
- ૨૦૦થી વધુ રાષ્ટ્રીય બાયર્સ
- ૧૫૦થી વધુ એક્ઝિબિટર્સ (કારીગરો)
- પૂર્વનિર્ધારિત B2B મિટિંગ્સ
- સેમિનાર
- ફેશન શો

હાથસાળ તથા હસ્તકલાની વિવિધ આઈટમોનું પ્રદર્શન સહ વેચાણ
- બાંધણી
- ટાંગલીયા વર્ક
- સુજની
- પેચ વર્ક
- એમ્બ્રોઈડરી
- અજરખ પ્રિન્ટ
- બ્લોક પ્રિન્ટ
- બાટીક પ્રિન્ટ
- મશરૂ આર્ટ
- હેન્ડમેઈડ જ્વેલરી
- પટોળા સાડી
- કલમકારી
- મોતી કામ
- વુડન ક્રાફ્ટ
- લેધર વર્ક
- બામ્બુ આર્ટ
- મેટલ ક્રાફ્ટ
- સ્ટોન કાર્વિંગ
- મડ મીરર વર્ક
- કોપર બેલ
- જરી કામ
- વુલન શાલ
- પીઠોરા પેઈન્ટિંગ
- વારલી પેઈન્ટિંગ
- રોગાન આર્ટ
- મીનાકારી

જાહેર જનતા માટે વિના મૂલ્યે પ્રવેશ - ગેટ નં. ૩
તા. ૬ ફેબ્રુઆરી, ૨૦૧૯ બપોરે ૧-૦૦ થી સાંજે ૬-૦૦
તા. ૭ ફેબ્રુઆરી, ૨૦૧૯ સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦

"સરકાર દ્વારા કુટિર ઉદ્યોગ માટેની સહાયક નીતિઓને કારણે રોજગારમાં મહત્ત્વપૂર્ણ વધારો થયો છે."
- શ્રી નીતિનભાઈ પટેલ
નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

આયોજક
garvi gurjari
Gujarat State Handloom & Handicrafts Development Corporation Ltd.
(A Government of Gujarat Undertaking)
ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી.
(ગુજરાત સરકારનું સાહસ)
www.garvigurjari2019.com

ગરવી ગુર્જરીના ઉત્પાદનોની ઓનલાઈન ખરીદી માટે:
www.garvigurjari.in

"ગરવી ગુર્જરી-૨૦૧૯ દરમ્યાન હેન્ડલૂમ અને હેન્ડીક્રાફ્ટના વિવિધ સ્ટોલની મુલાકાત લેવા સૌને ભાવભર્યું આમંત્રણ."